# તમે અને તમારા સામાજિક સંભાળ કાર્યકર – શું અપેક્ષા કરવી

## સામાજિક સંભાળ કાર્યકરો તમને તમારું જીવન તમારી રીતે જીવવામાં મદદ કરે છે

વેલ્સમાં તમને કાર્યકરો સારી સંભાળ અને સહાય પૂરી પાડે તેની ખાતરી કરવા માટે સામાજિક સંભાળ વેલ્સ (Social Care Wales) *સામાજિક સંભાળ માટેની વ્યાવસાયિક વ્યવહાર સંહિતા (Code of Professional Practice for Social Care)* (સંહિતા) ધરાવે છે અને કાર્યકરોના સમૂહોની નોંધણી કરે છે જેથી સુનિશ્ચિત કરી શકાય કે તેઓ કામ માટે યોગ્ય છે.

સંહિતા એ નિયમો, અથવા ધોરણોનો સમૂહ છે, જેનું પાલન કરીને સંભાળ વ્યાવસાયિકોએ તમને સુરક્ષિત અને સારા રાખવા માટે કામ કરવાનું રહેશે. આ પત્રિકા તમને જાણવામાં મદદ કરશે કે આ ધોરણો કયા છે.

## સંહિતા શું કહે છે

સામાજિક સંભાળ કાર્યકરોએ તમને શ્રેષ્ઠ સંભાળ અને સહાય પૂરી પાડવા માટે આટલું કરવાનું રહેશે:

- તમારાં માટે શું મહત્વપૂર્ણ છે તે કહેવામાં અને હાંસલ કરવામાં તમને મદદ કરવી
- તમારાં ગૌરવ, ગોપનીયતા, પસંદગીઓ, સંસ્કૃતિ, ભાષા, અધિકારો, માન્યતાઓ, વિચારો અને ઇચ્છાઓનો આદર કરવો
- તમને સુરક્ષિત રહેવામાં સહાય કરવી
- પ્રામાણિક, વિશ્વસનીય અને વિશ્વાસપાત્ર બનવું
- તેમનું કામ યોગ્ય રીતે કરવા માટે લાયક બનવું.



## મને સંહિતા ક્યાંથી મળશે?

સંહિતા ઑનલાઇન socialcare.wales/code પર ઉપલબ્ધ છે
અથવા અમને codes@socialcare.wales પર ઇમેલ કરો

## સંહિતાનું પાલન કોણે કરવું પડશે?

તેઓ હાલમાં નોંધણી કરાવવાની અપેક્ષા ન હોય તો પણ બધા સામાજિક સંભાળ કાર્યકરોએ સંહિતાનું પાલન કરવું જોઈએ. અમારે ત્યાં નોંધાયેલા સામાજિક સંભાળ કાર્યકરોએ સામાજિક સંભાળમાં કામ કરવાનું ચાલુ રાખવા માટે સંહિતાનું પાલન કરવું પડશે. તેઓ છે:

- પુખ્ય વયના લોકોની સંભાળ કરનારા ગૃહ વ્યવસ્થાપકો
- અધિવાસ સંભાળ વ્યવસ્થાપકો અને અધિવાસ સંભાળ કાર્યકરો
- નિવાસી બાળ સંભાળ વ્યવસ્થાપકો અને નિવાસી બાળ સંભાળ કાર્યકરો
- નિવાસી પારિવારિક કેન્દ્ર વ્યવસ્થાપકો
- સામાજિક કાર્યકરો અને સામાજિક કાર્યના વિદ્યાર્થીઓ.





વખતોવખત, અન્ય સમૂહો રજિસ્ટરમાં ઉમેરવામાં આવે છે. નીચેના કાર્યકરોની અમારે ત્યાં નોંધણી કરવાની યોજનાઓ તૈયાર છે:

- દત્તકગ્રહણ સેવા વ્યવસ્થાપકો
- પુખ્ય વયના લોકોની સંભાળ કરનારા ગૃહ કાર્યકરો
- પુખ્ય વયના લોકોના નિયુક્તિ વ્યવસ્થાપકો
- બાળકો સાથે કામ કરનારા હિમાયત વ્યવસ્થાપકો
- ઉછેર સેવા વ્યવસ્થાપકો
- નિવાસી પારિવારિક કેન્દ્ર કાર્યકરો.

અમારું રજિસ્ટર ખાતરી કરે છે કે કાર્યકરો:

- કામ માટે અનુકૂળ અને યોગ્ય છે
- સારા ચારિત્ર્યના છે
- તેમના માટે જરૂરી હોય તેવી લાયકાતો ધરાવે છે
- *વ્યાવસાયિક વ્યવહાર સંહિતાનું* પાલન કરવા સંમત થાય છે.

કાર્યકર નોંધાયેલ છે કે કેમ તે જોવા માટે તમે નીચેની વેબસાઇટ પર તપાસી શકો છો
www.scwonline.wales/en/search-the-register/

## તમારાં સામાજિક સંભાળ કાર્યકર સંહિતા પ્રમાણે કામ ન કરતા હોય તો તમે શું કરી શકો?

1. Socialcare.wales/code પર બધા ધોરણો ચકાસવા માટે સંહિતા વાંચી જાવ
2. તમારી ચિંતાઓ તમારાં સંભાળ કાર્યકરના નિયોક્તાને જણાવો અને પૂછો કે તેઓ તે બાબતે શું કરશે
3. જો નિયોક્તા તમારી ચિંતાઓનું સમાધાન ન કરે, તો આગળ શું કરવું તે જાણવા માટે તમે તેની ફરિયાદ પ્રક્રિયાની નકલ માટે વિનંતી કરી શકો છો
4. જો કાર્યકર અમારે ત્યાં નોંધાયેલ હોય અને નિયોક્તા સાથે વાત કરવી મદદરૂપ ન બની હોય, તો ftp@socialcare.wales પર અમારી ફિટનેસ ટુ પ્રૅક્ટિસ (Fitness to Practise) ટીમને ઇમેલ કરો અને તેઓ તમારી પસંદગીના આધારે તમને ફોન અથવા ઇમેલ દ્વારા જવાબ આપશે.

જો તમે કંપની અથવા સંગઠન દ્વારા પૂરી પાડવામાં આવતી સંભાળના ધોરણ વિશે ચિંતિત હો, તો તમે 0300 7900 126 પર, ciw@gov.wales સંભાળ નિરીક્ષકની કચેરી વેલ્સ (Care Inspectorate Wales) નો સંપર્ક કરી શકો છો અથવા careinspectorate.wales પર તેમની વેબસાઇટની મુલાકાત લઈ શકો છો

